# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) ગુજરાતના બાળકો સોશિયલ મીડિયા અને સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી દૂર રહે તે માટે સમગ્ર દેશમાં પ્રથમ વખત રાજ્ય સરકાર શિક્ષકો-વાલીઓ અને બાળકો માટે માર્ગદર્શિકા લાવશે.

2) આવતીકાલથી સમગ્ર રાજ્યમાં ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે કરૂણા અભિયાન હાથ ધરાશે.

3) ઉત્તરાયણના પર્વને ધ્યાનમાં રાખીને ઇમરજન્સી સેવા 108 દ્વારા એમ્બ્યુલન્સની સેવાઓ વધારાઇ.

4) નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસીને પરિણામે છેલ્લા 3 વર્ષમાં રાજ્યની પોલીસે 16 હજાર કરોડ રૂપિયાથી વધુનું 87 હજાર 607 કિલો ડ્રગ્સ જપ્ત કર્યું.

5) હવામાન વિભાગે પતંગરસિકો માટે ઉત્તરાયણના પર્વ પર સારો પવન રહેશે તેવી આગાહી કરી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SOCIAL MEDIA-SMARTPHON-PRAFULL PANSERIYAA

સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાતના બાળકો સોશિયલ મીડિયા-સ્માર્ટ ફોનની નકારાત્મક અસરોથી દૂર રહે તે માટે રાજ્ય સરકાર  શિક્ષકો-વાલીઓ અને બાળકો માટે ગાઈડલાઈન રજૂ કરશે. રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગર ખાતે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથેની એક બેઠકમા આ મુજબ જણાવ્યું. સ્માર્ટફોનના વધુ પડતાં વપરાશને લીધે બાળકોમાં વાંચન શક્તિ અને રમત ગમતનો વ્યાપ પણ ઘટી રહ્યો છે,  જેની ચિંતા કરતાં મંત્રી શ્રીએ જણાવ્યું કે, બાળકો - વાલીઓ અને શિક્ષકો અને સિવિલના મનોચિકિત્સકની સાથે પરામર્શ કરીને એક પરિપત્ર બહાર પાડવામાં આવશે.

**(બાઇટ - પ્રફુલ પાનશેરીયા)**

. . . . . . . . . . . . .

# KARUNA ABHIYAN

ઉત્તરાયણના પર્વ દરમિયાન ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર માટે સરકાર આવતીકાલથી ૨૦ જાન્યુઆરી દરમિયાન "કરૂણા અભિયાન-૨૦૨૫" હાથ ધરાશે

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા આ અભિયાનના આરંભની જાહેરાત કરતાં કહ્યું હતું કે આ અભિયાનમાં ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮ હજારથી વધુ સેવાભાવી સ્વયંસેવકો જોડાશે. ઘાયલ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી માટે વન વિભાગનો ૮૩૨૦૦૦૨૦૦૦ વોટ્સઅપ અને ૧૯૨૬ હેલ્પલાઇન તેમજ પશુપાલન વિભાગ દ્વારા પશુઓ માટે ૧૯૬૨ હેલ્પલાઇન નંબર કાર્યરત હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

**(બાઇટ- મૂળુભાઇ બેરા, વનઅને પર્યાવરણ મંત્રી)**

રાજ્ય સરકાર દ્વારા ઉત્તરાયણના તહેવાર દરમિયાન શરૂ થતા કરૂણા અભિયાનમાં દર વર્ષે અનેક સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓ તેમજ હજારો યુવાનો પણ જીવદયાના આ સેવાકીય કાર્યમાં જોડાય છે.

. . . . . . . . . . . . .

# UTTRAYAN EMERGENCY 108

ઉત્તરાયણના પર્વમાં અમદાવાદ રાજકોટ સહિત મુખ્ય 20 શહેરોમાં અકસ્માતના કેસો વથતા હાવાના કારણે, ખાસ કરીને પતંગની દોરી વાગવા અને ધાબા પરથી પડવાના કેસો વધે છે જેથી આ તમામ ઇમરજન્સીને પહોંચી વળવા વાટે ઇમરજન્સી સેવા 108 સજ્જ છે.

14 અને પંદર જાન્યુઆરીએ ઇમરજન્સી કેસ વધવાની શક્યતાના કારણે ફિલ્ડ પર 800 રોડ એબ્યુલાન્સ, 2 બોટ, અને 1 એર એમ્યુલન્સ કાર્યરત હશે. 108ના તમામ સ્ટાફ વિવિધ હોસ્પિટલની સાથે કનેક્ટ રહેશે તેમ 108ના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશવંત પ્રજાપતિએ જણાવ્યુ હતું.

**(બાઇટ -- જશવંત પ્રજાપતી, ડિરેક્ટર, 108 ઇમરજન્સી સેવા )**

પતંગની દોરીના કારણે પશુ પંખીઓને પણ ઇજાઓ થતી હોય છે ત્યારે પશુ પક્ષીઓ માટે પણ મેડિકલ ઇમરજન્સી કાર્યરત હોય છે.કરુણા અભિયાન હેઠળ પશુ પક્ષીઓને પણ ઇમરજન્સી સારવાર મળી રહેશે. કુલ 87 એમ્બ્યુલન્સ અને દરેક એમ્બ્યુલન્સમાં 2 ટીમ હાજર રહેશે. ઉતરાયણમાં પશુ-પક્ષીઓ માટે 1962 ને કોલ કરી શકાશે. અનાથ પશુઓને મદદ કરવા માટે 1962 ને કોલ કરી શકાય છે. આ ઉપરાંત વિવિધ એનજીઓ સાથે અને રિહેબ સેન્ટર સાથે પણ 108 ઇમરજન્સી સેવાએ જોડાઈ છે.

. . . . . . . . . . . . .

# CHINESS TUKKAL

ડાંગ જિલ્લામાં ચાઇનીઝ માંજા,નાયલોન,પ્લાસ્ટીક દોરી, કાચનુ તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી, અન્ય સિન્થેટિક માંજા, વિગેરેના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ સાથે જિલ્લા પોલીસ વડાએ આજે મકરસંક્રાતિના તહેવારને અનુલક્ષીને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને ડાંગની જનતા ઉત્સાહપૂર્વક મકરસંક્રાતિનો તહેવાર ઉજવી શકે તે માટે જાહેર અપીલ કરી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# CUSTOM ARREST

મુન્દ્રા કસ્ટમ્સે નાર્કોટિક્સ દાણચોરી કેસમાં ડ્રગ્સ મોકલનાર રાજકોટના નિકાસકારના ભાગીદારની ધરપકડ કરી છે. મુદ્રા કસ્ટમ્સની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ અને ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચે, NDPS એક્ટ, 1985 હેઠળ આ ધરપકડ કરી છે. આફ્રિકન દેશોમાં ગેરકાયદે નશાકારક પદાર્થ મોકલવામાં સંડોવણીની ગુપ્ત માહિતીના આધારે, સ્પેશિયલ ઇન્ટેલિજન્સ અને ઇન્વેસ્ટિગેશન બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી હતી.

જુલાઈ 2024માં પશ્ચિમ આફ્રિકન દેશોમાં જતા બે કન્સાઇન્મેન્ટમાં 110 કરોડ રૂપિયાની કિંમતની પ્રતિબંધિત નશાકારક ગોળીઓ તેમજ અન્ય એક શિપમેન્ટમાં પણ 40 કરોડ રૂપિયાની કિંમતની નશાકારક ગોળીઓ જપ્ત કરવામાં આવી છે. આ તપાસમાં કલોલ સ્થિત એક વેરહાઉસમાંથી પણ કેટલોક મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

. . . . . . . . . . . . .

# PRAVAASI BHAARTIYA DIVAS-ODISHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાના ભુવનેશ્વર ખાતે શરૂ કરેલ 18 મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં દર્શાવાઈ રહેલા ચાર પ્રદર્શનો પૈકી એક પ્રદર્શન-માંડવીથી મસ્કત અંતર્ગત કચ્છના માંડવીથી મસ્કત ઓમાન સ્થળાંતરિત થયેલા ભારતીય પ્રવાસીઓના ફેલાવા, વિકાસ સહિતના દુર્લભ ડોક્યુમેન્ટ સાથેની ગાથા રજૂ કરાઇ છે.

. . . . . . . . . . . . .

# DAK ADALAT

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદમાં 16મી જાન્યુઆરીના રોજ સવારે અગિયાર વાગે ડાક અદાલત યોજાશે. ખાનપુર સ્થિત ગુજરાત સર્કલની ઓફિસ ખાતે યોજાનારી આ ડાક અદાલતમાં ટપાસ સેવાને લગતી નીતિવિષયક બાબતો સિવાયના પ્રશ્નો સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવશે. ડાક અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો આસિસ્ટન્ટ ડાયરેક્ટર પોસ્ટસ સર્વિસીઝ કેમ્પલેઇન સેક્શન મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી ખાનપુર અમદાવાદ ખાતે 10મી જાન્યુઆરી સુધી મોકલવાની રહેશે.

. . . . . . . . . . . . .

# NARCOTICS REWARD POLICY

નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસીના અમલને કારણે રાજ્યમાંથી છેલ્લા 3 વર્ષમાં ગુજરાત પોલીસે 16 હજાર 155 કરોડ રૂપિયાની કિંમતનું 87 હજાર 607 કિલો ડ્રગ્સ જપ્ત કર્યું છે.

ડ્રગ્સ જેવા માદક પદાર્થોનું દૂષણ ડામવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેના ભાગરૂપે સરકારે 2021થી નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસીનો અમલ કરવામાં આવી રહ્યો છે. જેમાં ડ્રગ્સની માહિતા આપનારા બાતમીદારોને 20 ટકા સુધીનો રિવોર્ડની જોગવાઇ સરકાર દ્વારા કરાઇ છે. નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી દ્વારા ગુજરાત યુવાનોને કેફી દ્રવ્યોની ચુંગાલમાંથી છોડાવવાની અને ડ્રગ્સ પેડલરોને સકંજામાં લેવાની દિશામાં આગળ વધ્યું છે.

. . . . . . . . . . . . .

# PRAJASTTAK DIVAS UJAVNI-SAMIKSHA

રાજકોટના જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણી કોટડા સાંગાણી ખાતે થશે ત્યારે વહીવટી તંત્ર દ્વારા  કાર્યક્રમને આખરી ઓપ આપવા સમીક્ષા બેઠક યોજાઇ. પ્રાંત-૨ અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં કાર્યક્રમ અંગેની વિવિધ વિભાગવાર તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી અને અધિકારીઓને જરૂરી સૂચનો આપવામાં આવ્યા.

. . . . . . . . . . . . .

# KHELMAHAKUMBH-RAJKOT

રાજકોટ ખાતે યોજાઈ રહેલા ખેલ મહાકુંભમાં આજે જિલ્લા કક્ષાની બેડમિન્ટન સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં કુલ ૪૮ ભાઈઓ અને ૩૭ બહેનોએ ભાગ લીધો. મેન્સ ડબલ્સની ૧૬ ટીમ અને વુમન ડબલ્સની ૪ ટીમ ઉપરાંત, મિક્સ ડબલમાં ૪ ટીમે ભાગ લીધો હતો. જેમાં ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો વિજેતા થયા હતા. . . . . . . . . . . . . . .

# NSD

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં માર્ગ સલામત માસ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે. જેના ભાગરૂપે પરિવહન વિભાગ દ્વારા અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દમણ આરટીઓ ખાતે રક્તદાન શિબિર યોજાઇ હતી. દમણની રોટરી ક્લબ અને આરટીઓ વિભાગ દ્વારા રક્ત એકત્રિત કરવામાં આવ્યું. દાદરા નગર હવેલી અને દમણ દીવ પરિવહન વિભાગ દ્વારા રક્તદાતોને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# Weather

હવામાન વિભાગની આગાહી અનુસાર આ વર્ષે ઉત્તરાયણનો તહેવાર સારો રહેશે કારણ કે આ દિવસે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન રહેશે. આ સાથે જ ઠંડીનું પ્રમાણ પણ યથાવત રહેવાની સંભાવના છે તદુપરાંત પવનની ગતિ 10 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે જે પતંગરસીકો માટે અનૂકુળ રહેશે.

પવનની દિશા બદલાતા રાજ્યભરના નાગરિકોને આગામી 48 કલાક ઠંડીથી આંશિક રાહત મળશે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસના જણાવ્યા અનુસાર આગામી 48 કલાક રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વેસ્ટન ડિસ્ટર્બન્સને લીધે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થશે.

. . . . . . . . . . . . .